**સેશન્સ કેસ નંબરઃ– ૭૯/૨૦૧૬**

**આંક –૧૧૪**

| સેશન્સ કેસ નંબરઃ– ૭૯/૨૦૧૬ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૦ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | વિપુલસિંહ રાજુભા વાઘેલા | | | |
| ધર્મ | હીન્દુ | | મોબાઈલ નંબર | 8154927812 |
| ઉંમર આશરે | ૩૩ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | રાણકપુર, તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી. |

(૧) હું રાણકપુર ગામે મારા માતા પિતા સાથે રહુ છુ અને ખેતી કરીને મારુ ગુજરાન ચલાવુ છું.

(૨) ૨૦૧૫ની સાલમાં મારા કાકા જયરાજસિંહ ભવાનસિંહ તથા મારા કાકી તથા મારા મા સાડા નવ દશકે વાગ્યાના સુમારે ખેતરે જતા હતા તે સમયે સતીમાતાના મંદિર પાસે માણસોનું ટોળુ ઉભેલ હતું અને અંદરો અંદર કંઈક માથાકુટ કરતા હતા. આ સિવાય બીજું કંઈ બનેલ નહી. સદર ઝઘડામાં કોઈને વાગેલ હોય તેવુ મે જોયેલ નથી કે જાણેલ નથી. બનાવ સબંધે પોલીસે મારુ નિવેદન લીધેલું. આરોપીઓ મારા ગામના હોવાથી હું ઓળખુ છુ. જેઓ આજે નામ.કોર્ટમાં હાજર છે. બનાવ મારી હાજરીમાં બનેલ નથી જેથી મને મુદામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ નહી.

એવુ બનેલ નથી કે, તા.૧૪/૯/૧૫ના રોજ રાત્રીના આઠેક વાગે ઝાલા વિનુભા શાંતુભાના દિકરા રાજુભા વિનુભા ઝાલા, દાનુભા ભવાનસિંહ ઝાલા, મનુભા બચુભા ઝાલા, આ ત્રણેય જણાઓ ચેનચાળા કરતા હોય અને મારા ઘરવાળા ઠપકો આપવા ગયેલ અને તે વખતે માથાકુટ થયેલ. તેની આ અદાવત રાખી બીજા દિવસે સતીમાતાના મંદિર પાસે ઝાલા વિનુભા, ઝાલા દાનુભા

સાહેદની સહી............................

ઉર્ફે પિમ્પી ભવાનસિંહ, મનુભા બચુભા ઝાલા, અર્જુનસિંહ નાનુભા ઝાલાનાઓને વિનુભા ઉશકેરણી કરતા હતા અને તે વખતે દાનુભા ઉર્ફે પિમ્પીના હાથમાં તલવાર તથા મનુભા બચુભાના હાથમાં ધારીયુ, અર્જુનસિંહ નાનુભા ઝાલાના હાથમાં કુહાડો હતો જેઓ મારા કાકા તથા કાકીઓને મા બેન સામી ભુડી ગાળો બોલી અને જયરાજસિંહને ઝાલા દાનુભા ભવાનસિંહે તેમના હાથમાંની તલવાર મારા કાકાના માથામાં મારેલ અને ઝાલા વિનુભા શાંતુભાએ તેમના હાથમાં નો ધોકો જમણા પગે ઢીંચણ પર મારેલ. મારા કાકા ગોવિંદસિંહ ઉદુભા વાઘેલા મજુરી કરી પરત આવતા હતા તે વખતે હોબાળો સાંભળીને હુ તથા વિજયસિંહ દીનુભા વાઘેલા આવેલા અને તેઓને વચ્ચે પડી છોડાવા જતા ગોવિંદસિંહ ઉદુભા વાઘેલાને મનુભા બચુભા ઝાલાએ માથામાં ધારીયુ મારેલુ અને વિનુભા શાંતુભા વાઘેલાએ ડાબા હાથે કાંડા પર ધોકો મારેલો અને વિજયસિંહને ઝાલા અર્જુનસિંહે તેમના હાથમાંનો કુહાડો ઉંધો મારેલો. તે સમયે દાનુભા ઉર્ફે પિમ્પી ભવાનસિંહએ વિજયસિંહને તલવારનો ઘા મારવા જતા વિજયસિંહ માથુ ઉંચુ કરી દેતા દાનુભા ઝાલાએ કરેલ તલવારનો ઘા અર્જુનસિંહને નાનુભા ઝાલાને માથામાં વાગેલુ અને આ માબેન સામી ભુંડી ગાળો બોલતા હતા. ત્યારબાદ ઈજાપામનારાઓને ટ્રેકટરમાં બેસાડી સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ હોય..

<u>**હોસ્ટાઈલ**</u>

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

એ વાત ખરી નથી કે, તા.૧૪/૯/૧૫ના રોજ રાત્રીના આઠેક વાગે ઝાલા વિનુભા શાંતુભાના દિકરા રાજુભા વિનુભા ઝાલા, દાનુભા ભવાનસિંહ ઝાલા, મનુભા બચુભા ઝાલા, આ ત્રણેય જણાઓ ચેનચાળા કરતા હોય અને મારા ઘરવાળા ઠપકો આપવા ગયેલ અને તે વખતે માથાકુટ થયેલ. તેની આ અદાવત રાખી બીજા દિવસે સતીમાતાના મંદિર પાસે ઝાલા વિનુભા, ઝાલા દાનુભા ઉર્ફે પિમ્પી ભવાનસિંહ, મનુભા બચુભા ઝાલા, અર્જુનસિંહ નાનુભા

સાહેદની સહી.............................

ઝાલાનાઓને વિનુભા ઉશકેરણી કરતા હતા અને તે વખતે દાનુભા ઉર્ફે પિમ્પીના હાથમાં તલવાર તથા મનુભા બચુભાના હાથમાં ધારીયુ, અર્જુનસિંહ નાનુભા ઝાલાના હાથમાં કુહાડો હતો જેઓ મારા કાકા તથા કાકીઓને મા બેન સામી ભુડી ગાળો બોલી અને જયરાજસિંહને ઝાલા દાનુભા ભવાનસિંહે તેમના હાથમાંની તલવાર મારા કાકાના માથામાં મારેલ અને ઝાલા વિનુભા શાંતુભાએ તેમના હાથમાં નો ધોકો જમણા પગે ઢીંચણ પર મારેલ. મારા કાકા ગોવિંદસિંહ ઉદુભા વાઘેલા મજુરી કરી પરત આવતા હતા તે વખતે હોબાળો સાંભળીને હુ તથા વિજયસિંહ દીનુભા વાઘેલા આવેલા અને તેઓને વચ્ચે પડી છોડાવા જતા ગોવિંદસિંહ ઉદુભા વાઘેલાને મનુભા બચુભા ઝાલાએ માથામાં ધારીયુ મારેલુ અને વિનુભા શાંતુભા વાઘેલાએ ડાબા હાથે કાંડા પર ધોકો મારેલો અને વિજયસિંહને ઝાલા અર્જુનસિંહે તેમના હાથમાંનો કુહાડો ઉંધો મારેલો. તે સમયે દાનુભા ઉર્ફે પિમ્પી ભવાનસિંહએ વિજયસિંહને તલવારનો ઘા મારવા જતા વિજયસિંહ માથુ ઉંચુ કરી દેતા દાનુભા ઝાલાએ કરેલ તલવારનો ઘા અર્જુનસિંહને નાનુભા ઝાલાને માથામાં વાગેલુ અને આ માબેન સામી ભુંડી ગાળો બોલતા હતા. ત્યારબાદ ઈજાપામનારાઓને ટ્રેકટરમાં બેસાડી સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ. એ વાત ખરી નથી કે આરોપીને બચાવવા માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી..**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. આઈ.એલ.દેસાઈ..**

(૩) ઉલટતપાસ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**
**ફેરતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૦/ ૧૨/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>૬ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................